# નાના ગોખરવાળા પ્રાથમિક શાળા

## તાલુકો - અમરેલી

step up to quality

## ગુજરાતી વ્યાકરણ

# :: સંયોજક ::

### વિશેષ ઉદાહરણ અને સમજૂતી સાથે

સંકલન : હરેશ ગોહેલ

વર્ષ : 2025 - 2026

# ::: સંયોજક :::

જેવી રીતે નદીના બે કિનારાને જોડવાનું કામ સેતું કરે છે તેવી રીતે
જે બે પદ બે શબ્દોને
બે શબ્દ સમુહોને કે
બે વાક્યોને જોડવાનું કામ કરે છે તેને સંયોજક કહે છે.

('ને' ,'અને' ,'તથા' ,'તેમ જ ' ,વળી' ,'ઉપરાંત', તો' , 'કે''તોપણ' ,'છતાં' ,'છતાં પણ' ,'ઉલટું' ,'બલકે' 'તેથી' ,'એટલે' ,'માટે' ,'એથી''જો-તો' ,'જયારે-ત્યારે' ,'જેમ-તેમ' ,'જ્યાં-ત્યાં' , 'કારણ કે' ,'કેમ કે', 'જેમ કે''અર્થાત્' ,' એટલે' ,'એટલેકે' ,'કે' વગેરે....)

**ધોરણ 3 /4/5 માં ઉપરમાંથી થોડા લેવામાં આવેલ છે જો બાળકોને તેના પ્રકાર સમજાવવામાં આવે તો બાળકો ક્યારેય ભૂલ કરે નહિ તો ચાલો આપણે હવે સંયોજકના પ્રકાર આપણે સમજીએ...**

## (01) સમુચ્ચયવાચક

'ને' ,'અને' ,'તથા' ,'તેમ જ ' ,વળી' ,'ઉપરાંત' જેવા સંયોજક બે શબ્દો કે વાક્યોના સમુચ્ચયનો એટલે કે એકઠા પણાનો અર્થ દર્શાવે છે.

- જેમ કે.... રામ,સીતા અને લક્ષ્મણ વનમાં ગયા.
- રામ, સીતા, **અને** લક્ષ્મણ વનમાં ગયા.
- ત્યાં આવજો **તથા** જામજો.
- હું **અને** નરેશ કાલે આવીશું.

## (02) વિકલ્પવાચક

**બેમાંથી એકની પસંદગી કે વિકલ્પ દર્શાવવા વપરાય છે.**

બે માંથી એકની પસંદગી કે વિકલ્પનો અર્થ સૂચવવા માટે 'અથવા' ,'અથવા-તો' , 'કે' જેવા સંયોજક વપરાય છે.

- જેમ કે... તમે આ સાડી લો કે પેલી લો.
- રાખો અથવા પરત કરો.
- આ સાડી લો કે પેલી.
- ચાહો અથવા તિરસ્કાર કરો
- જમો અથવા તો ભૂખ્યા રહો

HARESH GOHEL

## (03) વિરોધવાચક

જો કે,'તોપણ' ,'છતાં' ,'છતાં પણ' ,'ઉલટું' ,'બલકે' જેવા સંયોજક વાક્યોના અર્થને પરસ્પર વિરોધમાં મૂકી આપે છે.

- જેમ કે..... ગઢ જીત્યો પણ સિંહ ગયો.
- હું આવ્યો પણ તમે ન મળ્યા.
- હું થાક્યો હતો, **છતાં** વાંચતો હતો.
- એ ગયો **અને** તમે આવ્યા.

## (04) અનુમાનવાચક

'તેથી' ,'એટલે' ,'માટે' ,'એથી' ,જેવા સંયોજક અનુમાનરૂપ હકીકતનું કથન અને પાયારૂપ હકીકતનું કથન એ બંને પ્રકારના વાક્યને જોડે છે.

- જેમ કે...તે લગ્નમાં ગયો હશે, તેથી કચેરીમાં આવ્યો નહીં હોય.
- તે નદીમાં પાણી આવ્યું હશે , **તેથી** શાળામાં આવી શક્યો નથી.
- તે મોડો ઊઠ્યો, **કારણ કે** તે ખૂબ થાકી ગયો હતો.

## (05) સહસબંધ વાચક

'જો-તો' ,'જયારે-ત્યારે' ,'જેમ-તેમ' ,'જ્યાં-ત્યાં' આ જોડકા સંયોજકો વડે શરત, સમય,સ્થળ વગેરેથી જોડાયેલા વાક્યો બનેછે.

- જેમ કે..... જો તમે ગાશો તો હું ગાઇશ
- જયારે તમે આવશો ત્યારે હું ખાઇશ.
- વાંચશો **તો** પાસ થશો.
- પુરુષાર્થ કરશો **તો** સફળ થશો.
- તમે શરતોનું પાલન કરશો **તો** કામ આપવાનું ચાલુ રાખવામાં આવશે.

## (06) પરિમાણવાચક

'એટલે' ,'તેથી' ,'એથી' ,'માટે' ,'ત્યાં' જેવા સંયોજક પાછળના વાક્યમાં પરિમાણ દર્શાવેછે.

- જેમ કે....રાત દિવસ મહેનત કરી એટલે પાસ થયો.
- ઇન્ટરવ્યૂમાં સારો દેખાવ કર્યો તેથી નોકરી મળી.
- સરબતમાં લીંબુ વધારે પડીગયું એથી તે ખાતું લાગે છે

HARESH GOHEL

## (7 )કારણવાચક

'કારણ કે' ,'કેમ કે',જેવા સંયોજક પાછળના વાક્યમાં કારણ દર્શાવે છે.

- જેમ કે....તે જમી ન શક્યો કારણ કે તેને દાંતમાં દુખાવો હતો.
- તે મૃત્યુ પામ્યો કેમ કે તેને કેન્સરનો રોગ હતો.
- હું લગ્નમાં ના ગયો, કારણ કે આમંત્રણ ન હતું.

## (08) દ્રષ્ટાવાચક

'જેમ કે' જેવા સંયોજક પાછળના વાક્યમાં ઉદાહરણ દર્શાવવા માટે ઉપયોગમાં લેવાય છે.

- જેમ કે.... અભિમાન વિનાશને નોતરે છે, જેમ કે રાવણ.
- **સંયમ માણસને મહાન બનાવે છે, જેમ કે સરદાર પટેલ.**

## (09) પર્યાયવાચક

'અર્થાત્' ,' એટલે' ,'એટલેકે' જેવા સંયોજક પદ કે વાક્યનો બીજાપદ કે વાક્યમાં અર્થ દર્શાવનાર છે. જેમ કે....સમર્પણ એટલે બલિદાન વિના સિદ્ધી નથી. આસહાહન એટલે કે પડકાર. સત્યાગ્રહ **એટલે** સત્ય માટે આગ્રહ.

ગાંધીજી **એટલે** સત્યના પૂજારી.

સરદાર **એટલે** લોખંડી પુરુષ.

આહવાન **એટલે** પડકાર.

## ( 10 ) અવતરણવાચક

'કે' સંયોજક પાછળના વાક્યમાં અવતરણ રજુ કરનાર સંયોજક છે.

- જેમ કે...ભગવાન બુદ્ધે ઉપદેશ આપ્યો છે કે અહિંસાનું પાલન કરો.
- બાઈબલમાં જણાવ્યુંછે કે તું તારા પડોસીને પ્રેમ  કર.

HARESH GOHEL

## નીચે કેટલાંક સંયોજકો અને તેનાં ઉદાહરણ આપ્યાં છે, તેનો અભ્યાસ કરો:

### પ્રશ્ન. નીચેનાં વાક્યોને યોગ્ય સંયોજકથી જોડો:

પ્રશ્ન 1. સાડી ખરેખર શોભે છે. પરદેશમાં સાડીની પ્રતિષ્ઠા છે.

ઉત્તર: સાડી ખરેખર શોભે છે **અને** પરદેશમાં સાડીની પ્રતિષ્ઠા છે.

પ્રશ્ન 2. લે, આ મને ગમ્યું તે મારું. જો આ તને ગમે તો તારું.

ઉત્તર:  લે, આ મને ગમ્યું તે મારું, **પણ** જો આ તને ગમે તો તારું.

પ્રશ્ન 3. હું ને નીતા ભલે અભણ રહી. હું અમિતને ભણાવીશ.

ઉત્તર:  હું ને નીતા ભલે અભણ રહી, **પણ** હું  અમિતને ભણાવીશ.

પ્રશ્ન 4. સિન્ધિયા કહે, "મારે એક મીટિંગ છે."

ઉત્તર: સિન્ધિયા કહે **કે**, "મારે એક મીટિંગ છે."

પ્રશ્ન 5. દરેકને ભાઈ સમજીએ. કોઈનો ભાર ન લાગે.

ઉત્તર: જો દરેકને ભાઈ સમજીએ **તો** કોઈનો ભાર ન લાગે.

પ્રશ્ન 6. એનો ઉપયોગ જાય. એની સાથે મૂળ દેશની સાથેનો સંપર્ક જાય.

ઉત્તર: જ્યારે એનો ઉપયોગ જાય **ત્યારે** એની સાથે મૂળ દેશની સાથેનો સંપર્ક જાય.

પ્રશ્ન 7. ડ્રાઇવરે જોયું. પુલ ઉપર કોઈ મોટું પ્રાણી ચાલ્યું જાય છે.

ઉત્તર: ડ્રાઇવરે જોયું **કે** પુલ ઉપર કોઈ મોટું પ્રાણી ચાલ્યું જાય છે.

પ્રશ્ન 8.ધોબી કહે "લવિંગ ઘસીને લગાવો."

ઉત્તર:ધોબી કહે **કે**, લવિંગ ઘસીને લગાવો."

પ્રશ્ન 9. એને મળવા જાવ. એને શું કહેશો?

ઉત્તર:જ્યારે એને મળવા જાવ **ત્યારે** એને શું કહેશો?

પ્રશ્ન 10.જમાનો જ એવો આવ્યો છે. સમજુ અને વિશ્વાસુ માણસ તો ન જ મળી શકે.

ઉત્તર:જમાનો જ એવો આવ્યો છે **કે** સમજુ અને વિશ્વાસુ માણસ તો ન જ મળી શકે.

HARESH GOHEL